[redacted]



ક્રમાંક : સ્ટેમ્પ – કયદ–પરિપત્ર–૨૦૦૫/૯૫૨૩

સુપ્રિ:ઓફ.સ્ટેમ્પ્સની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર–૧૩ સી,ખ–રોડ,
ગાંધીનગર.
તા. ૨૧/૭/૨૦૦૫
૨૨

પરિપત્ર :–

અત્રેથી ધ્યાનમાં એવું આવ્યું છે, કેટલીક નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી વેલ્યુએશન કચેરીમાં કલમ ૩૨–ક તથા ૩૩ નીચેના કેસોની સુનાવણીની કાર્યવાહી વખતે અમુક પક્ષકારો તરફથી અધિકૃત વ્યકિતઓને બદલે અનઅધિકૃત ઈસમો દ્વારા કેસોની રજુઆત કરવામાં આવતી હોય છે અને કચેરીના અધિકારી/કર્મચારીઓ ઉપર ધાકધમકી દ્વારા પોતાને અનુકૂળ નિર્ણય લેવાય તે માટેની ગેરકાયદેસર રીતરસમો અજમાવતા હોય છે. આ પરિસ્થિતિને દૂર કરવા માટે હવે પછી માત્ર નીચેની વ્યકિતઓ જ આવા કેસોમાં રજૂઆત કરી શકશે તેમ નકકી કરવામાં આવે છે.

(૧) પક્ષકાર પોતે

(૨) પક્ષકારના એડવોકેટ ( વકીલાતનામુ રજૂ કરેલ હોવું જોઈએ)

(૩) પક્ષકારના નજીકના લોહીનો સંબંધ ધરાવતા સગાંવહાલાં જેવા કે, પતિ,પત્ની,પુત્ર, પિતા, માતા, સગા ભાઈ, સગા બહેન ( આ પ્રતિનિધિએ પક્ષકાર વતી તેમને જે તે કેસમાં રજૂઆત કરવા માટેની સત્તા આપનો લેખિત અધિકાર પત્ર રજૂ કરવાનો રહેશે.)

(૪) અન્ય વ્યકિતઓ કે જેઓને પક્ષકારે તેમની તરફેણમાં તેમના વતી રજૂઆત કરવા સત્તા આપતું કુલમુખત્યારનામુ ( Power of attorney ) આપેલ હોય. (એવા Power of attorney ને અસલમાં રજૂ કરવાનું રહેશે. ) જો એકની એક વ્યકિત એક કરતાં વધુ પક્ષકારો વતીનું આવું કુલમુખત્યારનામું વારંવાર લાવતા

જણાય તો તેવા કિસ્સામાં આવું કુલમુખત્યારનામુ ખરું ( Genuine ) છે કે નહિ તેની પૂરતી ખાત્રી કરી લેવી.

(૫) જયારે કોઈ સંસ્થા કે પેઢી પક્ષકાર તરીકે હોય ત્યારે તેના પ્રમુખ/મંત્રી/ચેરમેન/મેનેજીંગ ડીરેકટર અથવા સંસ્થા વતી સંસ્થાના અન્ય કોઈ હોદ્દેદારને સંસ્થાએ ઠરાવ કરીને આ માટે ખાસ અધિકૃત કરેલ હોય તેમણે સંસ્થાના ઠરાવની નકલ રજૂ કરવાની રહેશે.

ઉપરોકત વ્યકિત સિવાય અન્ય કોઈ વ્યકિત દ્વારા કેસમાં પક્ષકાર વતી રજૂઆત કરવા મંજૂરી આપવાની રહેશે નહિ. આ સૂચનાનું ચૂસ્તપણે તાત્કાલિક અસરથી પાલન કરવાનું રહેશે.

(એચ. બી. વરીયા)
મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારી
ગુ. રા. ગાંધીનગર

નકલ રવાના
૧. અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રી, ગુ. રા. ગાંધીનગર
૨. નાયબ સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રી, ગુ. રા. ગાંધીનગર
૩. નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી, મુલ્યાંકન તંત્ર તમામ
૪. અપીલ શાખા તરફ